અપીલ અરજી નં.૩૪૦ તા.૧૬–૨–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી હેલ્થ એન્ડ હોસ્પિટલ
શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૯–૧૨–૦૮ ની આઈ ડી નં.૧૦૬૧ ની અરજીથી તા.૫–૫–૦૮ ના રોજ સબંધિત વિભાગની વિગતવાર અરજી સબંધે શું શું તપાસ કરી અને શું કાર્યવાહી કરવામાં આવી, કાર્યવાહી કરવામાં આવી? હોય તો તેનો અમલ અને કાર્ય શા માટે કરવામાં આવેલ નથી તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૦/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૯–૧૨–૦૮ ની આઈ ડી નં.૧૦૬૧ની અરજીથી તા.૫–૫–૦૮ ના રોજ સબંધિત વિભાગની વિગતવાર અરજી સબંધે શું શું તપાસ કરી અને શું કાર્યવાહી કરવામાં આવી? કાર્યવાહી કરવામાં આવી હોય તો તેનો અમલ અને કાર્ય શા માટે કરવામાં આવેલ નથી તેની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ ની માહિતી નહીં આપવા તથા મુદ્દા નં.૨ અને ૩ ની અધુરી અને સંતોષકારક માહિતી આપવામાં આવેલ નથી તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૧૬–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોં ચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૨ તા.૨૫–૨–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી હેલ્થ એન્ડ હોસ્પિટલ અને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૧૯–૧૨–૦૮ ની આઈ ડી નં.૧૦૬૧ની અરજીથી તા.૫–૫–૦૮ ના રોજ સબંધિત વિભાગની વિગતવાર અરજી સબંધે શું શું તપાસ કરી અને શું કાર્યવાહી કરવામાં આવી, કાર્યવાહી કરવામાં આવી હોય તો તેનો અમલ અને કાર્ય શા માટે કરવામાં આવેલ નથી તેના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી આપવામાં આવેલ જણાતું નથી. અરજદારની અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જવાબની નકલ રજૂ કરેલ તે જોતાં મુદ્દા નં.૨ અને ૩ ની શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૨૫૨ તા.૧૭–૧–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. અરજદારની અપીલ અરજીમાં મુદ્દા નં.૨ અંગે તા.૨૯–૫–૦૭ ના રોજ કામ કરવા અરજી કરવા છતાં લગભગ ૧૭ મહીના થવા છતાં કામ શા માટે ન કરાયું તથા મુદ્દા નં.૩ માં નકલી ચલણી નોટોનું દુષણ દુર કરવા આધુનિક જમાનામાં નોટ ચેક કરવાના મશીનો બજારમાં વેચાતા હોય તે ખરીદવામાં આવે તો કરદાતાની મુશ્કેલી દુર થાય એમ જણાવેલ. આમ મુદ્દા નં.૩ ની અપીલમાંની રજૂઆત કાર્યવાહી હાથ ધરવાને લગતી છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં. ૨ અંગે ટૂંક સમયમાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી માહિતી આપેલ છે. પરંતુ મુદ્દા નં.૨ કે ૩ અંગે તેમની અરજી બાબતે શા માટે કાર્યવાહી કરવામાં આવેલ નથી તેની માહિતી આપેલ જણાતું નથી તથા મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા માહિતી આપેલ નથી કે અન્ય કક્ષાએ તબદીલ કર્યાની પણ વિગતો રજૂ કરી જણાવેલ નથી.

### હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧૯–૧૨–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પૈકી મુદ્દા નં .૨ અને ૩ અંગે અરજદારની અગાઉની અરજી અંગે શા માટે કાર્યવાહી હાથ ધરાયેલ નથી તેની દફતરી હકીકતલક્ષી વિગતો તેમજ મુદ્દા નં.૧ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી હેલ્થ એન્ડ હોસ્પિટલ/ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ